# વડોદરામાં પી.એસ.આઈ.એ રિવોલ્વરથી ગોળીબાર કરીને આત્મહત્યા કરી

વડોદરા, તા. ૧૯

ડભોઈ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી. જી. ચારબે આજે સવારે પોતાના ક્વાર્ટસમાં સર્વિસ રિવોલ્વરથી ગોળી ચલાવી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. પો.સ.ઈ. ચારબે કયા કારણોસર આત્મહત્યા કરી તે જાણી શકાયું નથી. પો.સ.ઈ.એ કરેલી આત્મહત્યાને પગલે પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. એફ.એસ.એલ. નિષ્ણાતોએ રિવોલ્વર તથા ગોળીઓ કબજે લઈ તપાસ હાથ ધરી છે.

ડભોઈ પોલીસ મથકમાં ચારથી પાંચ માસ અગાઉ બદલી થઈ પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે આવેલા વી. જી. ચારબ પોલીસ સ્ટેશન પાસે આવેલા પોલીસ ક્વાટર્સમાં એકલા રહેતા હતા. આજે સવારે તેમણે કોઈ કારણોસર જીવનનો અંત આણવાનું નક્કી કરી પોતાના ઘરમાં પોતાની સર્વિસ રિવોલ્વર લમણે મુકી ફાયરીંગ કર્યું હતું. ગોળી તેમને વાગતાં તેઓ તરત ઢળી પડ્યા હતા.

ગોળી ચાલવાનો અવાજ સાંભળી પોલીસ ક્વાટર્સમાં રહેતા અન્ય પોલીસ કર્મીઓ તરત દોડી આવ્યા હતા. રૂમમાં જોતા પો.સ.ઈ. ચારબ લોહીના ખાબોચિયામાં પડ્યા હતા તથા પાસે રિવોલ્વર હતી. બનાવને પગલે જિલ્લા પોલીસ બેડામાં સનસનાટી મચી ગઈ હતી. બનાવની જાણ ઉચ્ચ પોલીસ અધિકારીઓને થતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.પો.સ.ઈ. ચારબે કયા કારણોસર આત્મહત્યા કરી તે જાણી શકાયું નથી. બનાવને પગલે ડભોઈ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી એફએસએલ નિષ્ણાતોની મદદ લીધી હતી. અને બાદમાં લાશને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં મોકલી આપી હતી.

પ્રાપ્ત થતી વિગત અનુસાર પો.સ.ઈ. ચારબની જામનગરથી બદલી થઈ ડભોઈ ખાતે આવ્યા હતા. તેમનો પરિવાર જામનગર ખાતે રહેતો હોવાનું જાણવા મળ્યું છે. તેઓ એકલા કવાર્ટર્સમાં રહેતા હતા. જાણવા મળ્યા મુજબ તેઓ કેટલાક દિવસોથી બિમાર રહેતા હતા. બનાવ અંગે તેમના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. તેમની આત્મહત્યાને પગલે પરિવારજનો તથા સગા સંબંધીઓમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી.

# હિંમતનગર જિલ્લામાં મહિલાઓની સુરક્ષા મામલે પોલીસનો એકશન પ્લાન કાર્યરત

## મહિલાઓ માટે વિશેષ સ્કવોર્ડની રચના કરાઈ : પેટ્રોલિંગ, જાગૃતિ અને તાલિમ અપાશે

હિંમતનગર, તા.૧૯

દિલ્હીમાં બનેલી ગેંગરેપની કરુણ ઘટના બાદ સરકાર મહિલાઓની સલામતી બાબતે વધુ સજાગ બની છે ત્યારે સાબરકાંઠામાં પણ પોલીસ તંત્ર દ્વારા મહિલાઓની સુરક્ષા માટે એકશન પ્લાન બનાવવામાં આવ્યો છે. ઈન્સ્પેકશન માટે હિંમતનગર આવેલા ગાંધીનગર રેન્જના આઈજીએ શહેરમાં ફરતા લુખ્ખા તત્વો પર નજર રાખવા તેમજ ટ્રાફિક સમસ્યાને હળવી બનાવવા જરરી સૂચના પોલીસવડાને આપી હતી.

ગાંધીનગર રેન્જના આઈજી શમશેરસિંહે શુક્રવારે હિંમતનગરની મુલાકાત લઈને પોલિસ વડા ચિરાગ કોરડિયા તેમજ અન્ય પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજી જિલ્લામાં કાનૂન વ્યવસ્થાની સ્થિતિનો તાગ મેળવ્યો હતો. દરમિયાન શમશેરસિંહે પત્રકારો સાથે પણ ચર્ચા કરીને જિલ્લાની સુરક્ષાના મામલે ચર્ચા કરી સૂચનો મેળવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે મહિલાઓની સલામતી બાબતે પોલીસ સતર્ક અને જાગૃત રહીને વધુ સારી કામગીરી બજાવી રહી છે અને તે માટેનો એકશન પ્લાન પણ બનાવવામાં આવ્યો છે.

જે અંતર્ગત જે વિસ્તારોમાં મહિલાઓની અવરવજર વધુ હોય તેવા વિસ્તારો તેમજ શાળા-કોલેજ વગેરે સ્થળોએ પોલિસની મહિલા સુરક્ષા સ્કવોર્ડ સતત પેટ્રોલિંગ કરશે. આ ઉપરાંત યુવતીઓ અને મહિલાઓમાં તેમની સુરક્ષા પ્રત્યે જાગૃતિ કેળવાય તે માટે પણ પોલીસ વિભાગ પ્રયત્ન કરશે. શાળા-કોલેજોની યુવતીઓમાં આત્મસુરક્ષાના ગુણ કેળવાય તે માટે તેમને નિષ્ણાતો દ્વારા જુડો કરાટેની તાલિમ પણ આપવામાં આવશે. શહેરના મહાવીરનગર ચાર રસ્તા પાસે તેમજ કેટલીક શાળાઓ પાસે લુખ્ખા તત્વો ફરી રહ્યા હોય છે ત્યારે પોલીસ આવા લોકો સામે પણ લાલ આંખ કરશે.

જિલ્લા પોલિસવડા ચિરાગ કોરડિયાએ અસામાજિક અને લુખ્ખા તત્વો સામે ખાસ પગલાં લેવા પર પણ ભાર મૂકયો હતો. આ બેઠક દરમિયાન હિંમતનગરની ટ્રાફિક સમસ્યા તેમજ વધતી અકસ્માતોની સંખ્યાનો મામલો પણ ચર્ચામાં રહ્યો હતો. આ બંને મુદ્દે પોલીસ જરુરી પગલાં લેશે તેવી ખાતરી રેન્જ આઈજીએ ઉચ્ચારી હતી. જિલ્લામાં કેટલાક લોકો પત્રકાર ના હોવા છતાં પોતાના વાહનો પર પ્રેસ લગાવીને ફરતા હોય છે અને રોફ જમાવતા હોય છે ત્યારે આવા બિનઅધિકૃત રીત પ્રેસ લગાવીને ફરતા વાહનચાલકો સામે પણ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.




ગુજરાતમાં સરકારે ડાર્ક ઝોન ઉઠાવી લેતા રાજ્યના લાખો ખેડૂતોનું વિજ કનેકશનનું સ્વપ્નું સાકર થવા તરફ છે ત્યારે ૧૯૯૯ની આસપાસ ભરાયેલ ફોર્મ પાસ થયા છે. ઠેર ઠેર ખેડૂતો દ્વારા બોરવેલ બનાવવાની કામગીરી ચાલી રહી છે ત્યારે ડીસા-ઢુવા રોડ પર આવેલ લોધા રમેશભાઈ બાબુલાલના ખેતરમાં બોર મંજુર થતાં આજરોજ તેનું ખાતમુહૂર્ત યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો અને પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા તે પ્રસંગની તસવીર. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# ખેડબ્રહ્માના સેમ્બલીયા ગામે શરીરે દાઝી ગયેલ મહિલાનું સારવાર દરમિયાન કરૂણ મોત

હિંમતનગર, તા. ૧૯

ખેડબ્રહ્મા તાલુકાના સેમ્બલીયા ગામમાં ગતરોજ ૩૫ વર્ષીય એક પરણીતાએ કોઈ અગમ્ય કારણોસર શરીરે દાઝી જતા હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. આ સમગ્ર મામલે હાલ હિંમતનગર ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસે મળેલી માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના સેમ્બલીયા ગામના કાન્તાબેન ચુનાભાઈ ખોખરા નામની પરીણીતા કોઈ અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં ગતરોજ શરીરે ગંભીર રીતે દાઝી ગઈ હતી જે બાદ ગંભીર રીતે દાઝી ગયેલ મહિલાને તાત્કાલિક સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન આજે વહેલી સવારે તેનું કરૂણ મોત નિપજયું હતું. જે અંગે ડૉ. હસમુખભાઈ રાઠોડે હિંમતનગર ટાઉનપોલીસમથકે જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈડરની દિવ્ય ચેતના કોલેજની નેક ટીમે મુલાકાત લીધી

હિંમતનગર, તા. ૧૯

ઈડર તાલુકાના ભેટાલી ગામે આવેલ દિવ્ય ચેતના કોલેજ ઓફ એજ્યુકેશન સંસ્થાની નેક ટીમે તાજેતરમાં મુલાકાત લીધી હતી અને કોલેજની વિવિધ ભૌતિક સુવિધાઓની જીવણવટપૂર્વક માહિતી મેળવી તેને ‘બિ’ ગ્રેડ આપ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ઈડર તાલુકાના ભેટાલી ગામે આવેલ દિવ્ય ચેતના કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે તાજેતરમાં નેકની ટીમ દ્વારા કોલેજની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં પ્રકૃતિના ખોળે ખેલતું ભૌતિક સુવિધાઓથી સજ્જ, કોલેજ મકાન, અદ્યતન લાયબ્રેરી, લેબોરેટરી, આધુનિક વિજ્ઞાન પ્રયોગશાળા, કોમ્પ્યૂટર લેબ અને આકર્ષક શૈક્ષણિક કામગીરી વિશે નેક ટીમે જીણવટભરી મુલાકાત લીધી હતી અને અંતે તમામ તપાસ બાદ કોલેજને બી ગ્રેડ આપવામાં આવેલ જેથી કોલેજ તેમજ આસપાસના વિસ્તારમાં ગૌરવ અને આનંદની લાગણી અનુભવાઈ રહી છે. કોલેજના પ્રમુખ એ.કે. મનસુરીએ સ્ટાફના માણસોને સુંદર કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# આજે પલ્સ પોલિયો રવિવાર ઉજવાશે

મહેસાણા, તા. ૧૯

રાજ્ય સરકારશ્રીના આરોગ્ય વિભાગ દ્વારા ૦ થી ૫ વર્ષના બાળકોને ૨૦ જાન્યુઆરી રવિવારે પોલિયો પીવડાવવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં લોકજાગૃતિ માટે મહેસાણા જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તેમજ મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી અને સિવિલ સર્જનની રાહબરીમાં મહેસાણા શહેરમાં રેલી કાઢવામાં આવશે. જેમાં લોકજાગૃતિ ઉભી કરવામાં આવેલ પ્રચાર પત્રિકાઓ વહેંચવામાં આવશે.

# ઈડર સરકારી કૉલેજ દ્વારા સ્વામી વિવેકાનંન જયંતિ નિમિત્તે મહારેલી યોજાઈ

ઈડર, તા. ૧૯

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ ઈડર સરકારી કૉલેજમાં ઉજવાઈ હતી. ઈડરમાં મહારેલીનું આયોજન કરવામાં આવ્યુંહતું. રેલીનો હેતુ સ્વામી વિવેકાનંદજી વિષે જનજાગૃતિ ફેલાવવાનો હતો. આચાર્યશ્રી, પ્રધ્યાપક ગણ, વિદ્યાર્થીઓ રેલીમાં જોડાયા હતા. વિવેકાનંદજીના વિચારો જીવન ઘડતરમાં ઉતારવા માટે પ્રતિજ્ઞા લીધી હતી. વિદ્યાર્થીઓને વિવેકાનંદજી ઉમદા જીવન વિષે ઉદ્‌બોધન કરાયા હતા.

# સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે વિવિધ સ્પર્ધા યોજાઈ

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર મુકામે આવેલ કોલેજ ઓફ એજ્યુકેશન વિદ્યાનગરી દ્વારા સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતિ નિમિત્તે રેલી અને વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કોલેજ ઓફ એજ્યુકેશન વિદ્યાનગરી હિંમતનગર ખાતે આયોજીત આ કાર્યક્રમમાં વિવેકાનંદજીની જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે વર્ગખંડ સુશોભન નાટક સ્પર્ધા અને રેલી યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ અલગ અલગ પાંચ વિભાગોમાં સ્વામી વિવેકાનંદના વિચારોને નાટક દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં સંસ્થાના વડા ડી.એલ. પટેલ, ડાયરેકટર આર.બી. રાવલ સહિત કોલેજ પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.

# હિંમતનગરની માણેક કૃપા વિદ્યામંદિરમાં ગ્લોબલ વોર્મિંગ વિશે મહાપ્રદર્શન યોજાયું

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતેની માણેક કૃપા વિદ્યામંદિર ખાતે બાળકો દ્વારા મહા પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનમાં ગ્લોબલ વોર્મિંગ અંતર્ગત પ્રદૂષણ મુક્ત કેવી રીતે થવાય, રોડ અકસ્માત વિશેષ સાવચેતી તેમજ વિજ્ઞાનની કરામતો સાથે બાળકો દ્વારા બેટી બચાવો, મોબાઈલની માયાજાળ, કહાં હૈ ઈન્સાનિયત, અણમોલ રિશ્તે, બેટી હું મૈ માં, વાદ-વિવાદ-ખુશિયા ઢુંઢો જેવા અલગ અલગ ટુંકી પણ ખૂબજ સમાજ ઉપયોગી એકાંકી દ્વારા માહિતી આપવામાં આવી હતી.

આજના સમાજમાં કેટલીયે વણ ઉકલી સમસ્યાઓ ઉપસ્થિત થતી રહી છે. સમાજમાં જાગૃતિ લાવવા તથા સમાજની કેટલીક સમસ્યાઓનો ઉકેલ લાવવાના ઉમદા અભિગમથી અનુસરી સમાજના દૂષણો જેવા કે બેકારી, દહેજ, ગુટકા, મોબાઈલ, બળાત્કાર, ખૂન, રોજ વધતા જતા અકસ્માત નિવારણની તાતી જરૂરીયાત હોઈ તે દૂર કરવા અંગેની સમજણ આજનો માનવી સ્વિકારે તે હેતુસર આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રદર્શનને નિહાળવા શહેરના અગ્રગણ્ય મહાનુભાવો, પ્રતિષ્ઠિત નાગરિકો તેમજ અન્ય શાળાના વિદ્યાર્થીઓ શિક્ષકો તથા શાળાના વાલીમિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને વધાવતા તેમજ વિદ્યાર્થીઓને બિરદાવવા શાળાના સંચાલક ગિરિરાજભાઈ પંડ્યા તથા પ્રિન્સીપાલ ગાયત્રી મેડમ હાજર રહ્યા હતા.

# રેસ્ટોરન્ટમાં ૧૦ થી વધારે બેઠક હોય તો સી.સી.ટી.વી. ફરજિયાત

હવે ૧૦થી વધારે બેઠક ધરાવતી કોઈપણ પ્રકારની હોટલ કે રેસ્ટોરાં ચલાવનારે ફરજિયાત સીસીટીવી કેમેરાની વ્યવસ્થા પહેલા કરવી પડશે. અને પછી જ ધંધો કરી શકાશે. પોલીસ એનો ધંધો કરશે, અર્થાત ફરજ બજાવશે અને સીસીટીવીવિહિન હેટલના સંચાલકોની ધરપકડ કરશે. અને નિયમ માત્ર હોટલો કે રેસ્ટોરાંને જ લાગુ પડે છે એવુંયે નથી. લોજીંગ, બોર્ડિંગ, ધર્મશાળા, અતિથીગૃહો, વિશ્રામગૃહો, કોમર્શિયલ સેન્ટરો, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝાઓ, બહુમાળી બિલ્ડીંગો, પાવર હાઉસો અને આ પ્રકારના તમામ સ્થળોને લાગુ પડે છે. આ નિયમનો તા. ૨૪ જાન્યુઆરીથી ફરજિયાત અમલ કરવાનો હુકમ કરતું જાહેરનામું અમદાવાદ પોલીસ કમિશનર સાઈકિયાએ રિલીઝ કરી દીધુંછે.

પોલીસે કહ્યું કે જાહેરનામાનો અમલ તા. ૨૪ જાન્યુઆરીથી તા. ૨૪ માર્ચ સુધી ફરજિયાત કરવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે ત્યાર પછીના સમયમાં આ જાહેરનામું ફરી રીલીઝ થઈ શકે છે. મતલબ કે હવે લોકોએ કાયમી ધોરણે આ પ્રકારની વ્યવસ્થા કરવા સજ્જ રહેવાનુંછે.

# ચિઠોડા ગામે પત્ની સાથે આડાસંબંધ રાખનાર ઈસમને પતિએ ફટકાર્યો

હિંમતનગર, તા. ૧૯

વિજયનગર તાલુકાના ચિઠોડા ગામે એક ઈસમે પોતાની પત્ની અન્ય સાથે આડા સંબંધ રાખવા બાબતે આક્ષેપ કરી લોખંડની પાઈપ સાથે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા આ સમગ્ર મામલે વિજયનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ વિજયનગર તાલુકા ચિઠોડા ગામે રહેતા મણીલાલ પૂજાજી પરમારની પત્ની સાથે છેલ્લા બે મહિનાથી સુકાજી ડાંગર આડા સંબંધ રાખે તેમ કહી લોખંડની પાઈપથી માર મારી ફેક્ચર કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. જે બાદ ફરિયાદી સુકાજી ડાંગરે આ મામલે વિજયનગર પોલીસમથકે જાણ કરતા પોલીસે ગુનો નોંધી આ સમગ્ર ઘટના અંગે તપાસનો દોર આરંભ્યો છે.

# ઈડર સરકારી કૉલેજના વિદ્યાર્થીઓએ વાઈબ્રન્ટ પ્રદર્શનની મુલાકાત લીધી

સરકારી વિજ્ઞાન કૉલેજ ઈડરના વિદ્યાર્થીઓએ વાઈબ્રન્ટ સમીટ-૨૦૧૩ આયોજિત પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ડી.પી. પટેલની આગેવાની હેઠળ ૬૫ જેટલા વિદ્યાર્થીઓએ પ્રવાસ કરી પ્રદર્શનનો જોવાનો લ્હાવો લીધો હતો. આચાર્યશ્રીના જણાવ્યા પ્રમાણે દરેક માટે કંઈકને કંઈક જોવાલાયક હતું, વિદ્યાર્થીઓ અક્ષરધામની મુલાકાત લીધી હતી.

# જીટીયુના પદવીદાન સમારોહમાં અવ્યવસ્થાથી અફડા-તફડી મચી

## પદવીઓ લેવા આવેલા ૭૦૦૦ વિદ્યાર્થીઓ એકઠાં થયાં પણ કોઈ વ્યવસ્થા હતી જ નહીં

અમદાવાદ, તા. ૧૯

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીના અમદાવાદના ચાંદખેડા ખાતે નવા બનેલા કેમ્પસમાં આજે યોજાયેલા પદવીદાન સમારોહમાં સત્તાધિશોની લાપરવાહીને કારણે ભારે અવ્યવસ્થા સર્જાતા ભારે અફડાતફડી મચી ગઇ હતી. પરિસ્થિતિને કાબૂમાં લેવા પોલીસે લાઠીચાર્જ કરતાં પદવી લેવા માટે આવેલા ૭૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉશ્કેરાઇ ગયા હતા. અને કેમ્પસમાં નવા જ બનેલા બિલ્ડીંગમાં તોડફોડ કરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જીટીયુ)નો બીજો પદવીદાન સમારોહનું આજે નવા બનાવેલા ચાંદખેડા ખાતે આયોજન કરાયું હતું. જેમાં ૭૦૦૦ જેટલાં પદવીધારકોને પદવીઓ લેવા માટે બોલાવવામાં આવ્યા હતા. આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પદવીઓ લેવા આવવાના હોવા છતાંયે યુનિ.ના સત્તાધિશોએ કોઇ જ વ્યવસ્થા કરી નહોતી. વિદ્યાર્થીઓ પોતાના નામ ક્રમાંક અંગે પૂછતાછ કરવા છતાંયે યુનિ.ના ફરજ પરના કર્મચારીઓ જવાબ પણ આપતા ન હતા. ઘણા બધા વિદ્યાર્થીઓએ પદવી પ્રમાણપત્રો લેવા માટેની ફી પણ ભરી હતી અને ફીની રસીદ બતાવવા છતાંયે પદવી લેનારાઓની યાદીમાં વિદ્યાર્થીઓના નામ જ ગાયબ હતા. નવા કેમ્પસમાં એકઠા થયેલા ૭૦૦૦ જેટલાં પદવીધાકરોએ અવ્યવસ્થાને પ્રશ્ને રજુઆત કરતાં યુનિ.ના કેટલાક કર્મચારીઓએ યોગ્ય પ્રતિસાદ આપ્યો ન હતો.

આથી વિદ્યાર્થીઓએ ધાંધલ મચાવતા પોલીસનો કાફલો દોડી આવ્યો હતો અને વિદ્યાર્થીઓને કેમ્પસની બહાર ખદેડી મૂકવા લાઠીચાર્જ કરતાં વિદ્યાર્થીઓ વિફર્યા હતા અને કેમ્પસમાં નવા બનાવેલા બિલ્ડીંગમાં ભારે તોડફોડ કરી હતી. બિલ્ડીંગમાં કાચની કેબિનો તોડી પાડી હતી અને ખુરશીઓ પણ ઉછાળી હતી.

### પદવી માટે ફી ભરી છતાં યાદીમાં નામ જ નહતું

ગુજરાત ટેકનોલોજી યુનિ.ના સત્તાધીશોની લાપરવાહીનો બેનમૂન કિસ્સા પદવી લેવા માટે ઉત્સાહથી આવેલા વિદ્યાર્થીઓએ રજૂ કર્યા હતા. પદવી અને પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેવા માટે વિદ્યાર્થીઓએ જરૂરી ફી ભરી હતી. તેમના નામો પદવી મેળવનારા વિદ્યાર્થીઓની યાદીમાંથી ગાયબ હતા. પ્રેક્ષા આર. શાહ નામની વિદ્યાર્થિનીએ એમ.બી.એ.ની પદવી લેવા માટે આવી હતી પણ યાદીમાં તેનું નામ જ નહોતું. પ્રેક્ષાએ સ્પીડ પોસ્ટથી રૂપિયા ૫૦૦/-ની જરૂરી ફી પણ ભરી હતી. પણ યાદીમાં નામ ન હોવાથી આ સંદર્ભે પૂછતાછ કરતાં કોઈ સરખો જવાબ પણ આપતું નહોતું.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ચ મોટો ઈલેકટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો રૂમ બંધ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮